ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરના પત્ર-ક્રમાંક
જીસીઈઆરટી/સી ઍન્ડ ઈ/૨૦૧૪/૨૨૨૨, તા. ૩-૨-૨૦૧૪થી મંજૂર

શિક્ષક અને વાલી માટે અલગથી
શિક્ષક-આવૃત્તિ તૈયાર કરવામાં આવી છે,
જેનો ઉપયોગ અવશ્ય કરશો.

ગુજરાતી

ધોરણ 3

(પ્રથમ સત્ર – દ્વિતીય સત્ર)

પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક

વિદ્યાર્થીનું નામ : ____________

શાળાનું નામ : ____________

વર્ગ : ____________ રોલ નંબર : ____________

તમસો મા જ્યોતિર્ગમય
ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન' સેક્ટર-૧૦એ, ગાંધીનગર

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

લેખન-સંપાદન (SRG)

શ્રી કિશોરભાઈ પાર્થ
શ્રી યાહ્યા સપાટવાલા
શ્રી મીનેશકુમાર વાળંદ
શ્રી મહંમદરફીક મનસુરી
શ્રી હર્ષવીબહેન પટેલ
શ્રી નીતાબહેન ઉપાધ્યાય
શ્રી રતનબહેન પરમાર
શ્રી મનીષભાઈ સુથાર
શ્રી સુભાષભાઈ હરિજન
શ્રી મહેન્દ્રભાઈ મકવાણા
શ્રી ઉદયકુમાર દેસાઈ
શ્રી યોગેશભાઈ પટેલ
શ્રી દક્ષાબહેન ગજ્જર
શ્રી નટવરભાઈ સુથાર
શ્રી હસમુખ પટેલ
શ્રી નિમેષ ટેલર
શ્રી મણિલાલ લાડ
શ્રી વિક્રમ શિયાળ
ડૉ. ભીખુભાઈ વેગડા
શ્રી જિજ્ઞેશપુરી ગોસ્વામી
શ્રી પ્રકાશભાઈ ભટ્ટી
શ્રી રાજેશ મહેતા
શ્રી રમેશભાઈ ઠક્કર
શ્રી મધુસૂદન ઠક્કર
શ્રી પ્રવીણભાઈ મચ્છોયા
શ્રી સુરેશભાઈ નાગલા
શ્રી કપીલાબહેન ચૌધરી
શ્રી ભગવાનદાસ દૂધરેજિયા
શ્રી કલ્પેશ પટેલ
શ્રી દિનેશભાઈ પ્રજાપતિ
શ્રી રમેશભાઈ ત્રિવેદી
શ્રી જિતેન્દ્રભાઈ કાપડિયા
શ્રી અમરતભાઈ રબારી
શ્રી વિનોદરાય ઓઝા
શ્રી મયૂરીબહેન ચૌહાણ
શ્રી જ્યોત્સના બોરણિયા

સમીક્ષા

ડૉ. રમેશ આ. ઓઝા
ડૉ. સંતોષ દેવકર
શ્રી જગમાલ જી. પાવરા
શ્રી અશ્વિનસિંહ એલ. સોલંકી
ડૉ. યોગેન્દ્ર વ્યાસ
ડૉ. બળવંતભાઈ તેજાણી
શ્રી પ્રકાશચંદ્ર વ. પરમાર

ચિત્રાંકન

શ્રી લાલજીભાઈ જે. કણઝરિયા
શ્રી જેઠાભાઈ ટાંક
શ્રી વનમાળીભાઈ ડોડિયા
સર્જન ગ્રાફિક્સ
શ્રી રાજેન્દ્ર વસાવા
શ્રી દિનેશભાઈ જોષી
શ્રી જ્યોતિ ખત્રી

સંયોજન

શ્રી કિશન એફ. વસાવા
(વિષય-સંયોજક : ગુજરાતી-સંસ્કૃત)

નિર્માણ-આયોજન

શ્રી સી. ડી. પંડ્યા
(નાયબ નિયામક : શૈક્ષણિક)

મુદ્રણ-આયોજન

શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

પ્રસ્તાવના

NCF-2005 તેમજ RTE-2009ને ધ્યાનમાં રાખીને દેશમાં પ્રાથમિક શિક્ષણનાં અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તકો તેમજ સમગ્ર શિક્ષણ-પ્રક્રિયામાં બદલાવ થઈ રહ્યો છે. આ બદલાવ મુખ્યત્વે જે-તે વિષયો તેમજ શિક્ષણ-પ્રક્રિયા સંદર્ભે આપણી સમજ અંગેનો છે. બાળકની સર્જનશીલતા, વિચારશક્તિ, તર્કશક્તિ અને પૃથક્કરણ કરવાની આવડત વિકસે એ આ અભ્યાસક્રમનો મુખ્ય હેતુ છે. આ અભિગમને ધ્યાનમાં રાખીને જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા તૈયાર કરવામાં આવેલ **ધોરણ ૩**નું પ્રસ્તુત પાઠ્યપુસ્તક **ગુજરાતી** વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સમક્ષ રજૂ કરતાં મંડળ આનંદ અનુભવે છે.

નવાં અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તક-નિર્માણની સમગ્ર પ્રક્રિયામાં IGNUS-erg ટીમના સભ્યોએ સતત માર્ગદર્શન આપતા રહીને સ્ટેટ રિસોર્સ ગ્રૂપના સભ્યોને સજ્જ બનાવ્યા છે. UNICEFનો સહયોગ પણ આ આખી પ્રક્રિયા દરમિયાન મળ્યો છે. જે-તે વિષયના કોર ગ્રૂપના સભ્યોએ પણ વખતોવખત સહયોગ આપ્યો છે.

આ પાઠ્યપુસ્તકનો રાજ્યમાં અમલ કરતાં અગાઉ પસંદગીની શાળાઓમાં ત્રણ વર્ષ માટે અજમાયશી ધોરણે મૂકવામાં આવેલ હતું. તે દરમિયાન વિદ્યાર્થીઓને વર્ગમાં શીખવાડતી વખતે જે-જે અનુભવો થયા તેનાં વ્યાપક તારણો, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા પ્રાપ્ત કરવામાં આવ્યાં અને તે મુજબ સુધારા-વધારા કરવામાં આવ્યા છે.

આ પાઠ્યપુસ્તકના સમગ્ર રાજ્યવ્યાપી અમલ પૂર્વે પાઠ્યપુસ્તક મંડળ દ્વારા આમંત્રિત વિષય-નિષ્ણાતો અને પાઠ્યપુસ્તક તૈયાર કરનાર જી.સી.ઈ.આર.ટી.ના નિષ્ણાતોની સંયુક્ત બેઠક બોલાવીને તેઓનાં સૂચનોને ધ્યાનમાં લઈને આ પાઠ્યપુસ્તકને આખરી સ્વરૂપ આપવામાં આવેલ છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને ગુણવત્તાયુક્ત તથા બાળભોગ્ય બનાવવા માટે પૂરતી જહેમત ઉઠાવી છે. તેના ચતુરંગી સ્વરૂપ દ્વારા બાળકો હોંશે હોંશે તેનો ઉપયોગ કરે એવું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

આ પાઠ્યપુસ્તકને ક્ષતિરહિત બનાવવા માટે પૂરતા પ્રયત્નો કર્યા છે, તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી સૂચનો આવકાર્ય છે.

એમ. ટી. શાહ	**ડૉ. ભરત પંડિત**	**ડૉ. નીતિન પેથાણી**
નિયામક	નિયામક	કાર્યવાહક પ્રમુખ
(જી.સી.ઈ.આર.ટી.)	(પાઠ્યપુસ્તક મંડળ)	(પાઠ્યપુસ્તક મંડળ)

તા. ૩૧-૧-૨૦૧૪ ગાંધીનગર

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૪

પ્રકાશક : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર વતી ભરત પંડિત, નિયામક

મુદ્રક :

મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવી.

---

*ભારતનું સંવિધાન : કલમ ૫૧-क

અનુક્રમણિકા

ક્રમ	એકમ	લેખક/કવિ	પૃષ્ઠ નં.
	(પ્રથમ સત્ર)		
૧.	સિંહ અને ઉંદર	-	૧
૨.	નમીએ તુજને	સ્નેહરશ્મિ	૭
૩.	સાચું તીર્થ	-	૧૨
•	પુનરાવર્તન ૧		૧૭
૪.	ચાંદલો ગમે	જયંત શુક્લ	૨૧
૫.	ઠાગાઠૈયા કરું છું	ગિજુભાઈ બધેકા	૨૬
૬.	જોડકણાં	-	૩૨
•	પુનરાવર્તન ૨		૩૫
	(દ્વિતીય સત્ર)		
૭.	કીડી અને કબૂતર	-	૩૮
૮.	હું છું ખાખી બાવો	નરોત્તમ વાળંદ	૪૨
૯.	કંઈ એકલા ખવાય ?	મોહનભાઈ પટેલ	૪૬
૧૦.	જન્મદિનની ઉજવણી	હર્ષદ ત્રિવેદી	૫૧
•	પુનરાવર્તન ૩	-	૫૬
૧૧.	ફાગણિયો લહેરાયો	નટુભાઈ બરાનપુરિયા	૫૮
૧૨.	બકરીબહેન	જુગતરામ દવે	૬૩
૧૩.	બતકનું બચ્ચું	ધીરુબહેન પટેલ	૬૯
૧૪.	ઉખાણાં	-	૭૪
•	પુનરાવર્તન ૪	-	૭૭
	પૂરક વાચન		
૧.	છોટા જાદુગર	મહેન્દ્રભાઈ જોષી	૭૯
૨.	વાવાઝોડું	યશવંત કડીકર	૮૦
૩.	ધમાચકડી	નીતા રામૈયા	૮૩

૧. સિંહ અને ઉંદર

એક મોટું જંગલ હતું. તેમાં એક સિંહ રહેતો હતો.

એક બપોરે સિંહ ઊંઘતો હતો. એ વખતે થોડા ઉંદરો ત્યાં રમવા આવ્યા. એક નાના ઉંદરે સિંહના શરીર ઉપર દોડાદોડી કરી.

તેથી સિંહની ઊંઘ બગડી. સિંહે પંજો ઉગામ્યો. ઉંદર કંપી ગયો. ઉંદર બોલ્યો, ''મને માફ કરો.''

વળી તેણે વિનંતી કરતાં કહ્યું, "વનરાજ ! તમારો ઉપકાર નહિ ભૂલું ! અણીના વખતે મદદ માટે આવીશ."

ઉંદરની વાત સાંભળી, સિંહ હસ્યો અને બોલ્યો, "પામર ઉંદર ! તું મને શી મદદ કરીશ ? ભાગ અહીંથી... જવા દઉં છું."

થોડો વખત થયો ને સિંહ જાળમાં ફસાયો. તે બરાડા પાડવા લાગ્યો.

ઉંદરે એ સિંહના બરાડા સાંભળ્યા. તે સિંહની મદદ માટે દોડી આવ્યો.

ઉંદરે ઝડપથી દાંત વડે જાળ કાપવા માંડી. થોડી વારમાં જાળ કપાઈ ગઈ. સિંહ જાળમાંથી છૂટો થયો.

સિંહ આભાર સાથે બોલ્યો, “મારા નાના મિત્ર ! તારો ખૂબ આભાર.”

શબ્દસમજૂતી

પામર (અહીં) તુચ્છ બરાડા બૂમ

સ્વાધ્યાય

૧. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં આપો :

(૧) સિંહની ઊંઘ શાથી બગડી ?

(૨) ઊંઘ બગડવાથી સિંહે શું કર્યું ?

(૩) સિંહ ક્યાં ફસાયો હતો ?

(૪) સિંહને કોણે બચાવ્યો ?

(૫) ઉંદરે શાનાથી જાળને કાપી ?

(૬) સિંહે ઉંદરનો આભાર કેમ માન્યો ?

૨. નીચેના દરેક શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો અને વાંચો :

(૧) વનરાજ : ____________________

(૨) પંજો : ____________________

(૩) મદદ : ____________________

(૪) ઊંઘ : ____________________

(૫) જંગલ : ____________________

૩. નીચેના શબ્દોમાં ખૂટતો અક્ષર કૌંસમાંથી પસંદ કરીને લખો :

(૧) શ ___ ર (ડી, રી, ટી)

(૨) ઉં ___ ર (ડ, ર, દ)

(૩) ___ પકાર (ચ, ઉ, મ)

(૪) જંગ ___ (ળ, લ, ર)

૪. નીચેના કોષ્ટકમાંથી પ્રાણીઓનાં નામ શોધી, ખાલી જગ્યામાં લખો :

દી	વા	ઊં	ટ	સિં
પ	ઘ	ઉં	ગ	હ
ડો	હ	ર	દ	હ
પં	ર	કા	બ	ર
શિ	યા	ળ	મ	ણ

(૧) ______ (૨) ______ (૩) ______

(૪) ______ (૫) ______ (૬) ______

૫. સૂચના મૂજબ કરો :

(૧) તમને ગમતાં કોઈ પણ બે પક્ષી અને પ્રાણીનાં નામ કહો.

(૨) પ્રાણી તેમજ પક્ષીના ખોરાક વિશે કહો.

(૩) પક્ષી અને પ્રાણીના રહેઠાણ વિશે કહો.

(૪) તમને પક્ષીઓ તેમજ પ્રાણીઓ કેમ ગમે છે, તેની ચર્ચા કરો.

૬. તમને ગમતા પ્રાણીનું ચિત્ર બૉક્સમાં ચોંટાડો અને તેના વિશે છ-સાત વાક્યો લખો :

પ્રવૃત્તિ

- પુસ્તકાલયમાંથી અન્ય ચિત્રવાર્તાઓ મેળવી વાંચો.

૨. નમીએ તુજને

સ્નેહરશ્મિ



પરોઢિયે પંખી જાગીને,
ગાતાં મીઠાં તારાં ગાન,
પરોઢિયે મંદિર-મસ્જિદમાં,
ધરતાં લોકો તારું ધ્યાન.

તું ધરતીમાં, તું છે નભમાં,
સાગર મહીં વસે છે તું,
ચાંદા સૂરજમાંયે તું છે,
ફૂલો મહીં હસે છે તું.

હરતા-ફરતાં કે નીંદરમાં,
રાતે-દિવસે સાંજ-સવાર,
તારો અમને સાથ સદાયે,
તું છે સૌનો રક્ષણહાર.

દેવ, બનાવી દુનિયા છે તેં આ,
તારો છે સૌને આધાર,
તું છે સૌનો, સૌ તારાં છે,
નમીએ તુજને વારંવાર.

શબ્દસમજૂતી

પરોઢિયે સૂર્ય ઊગે તે પહેલાં પૂર્વમાં આછું અજવાળું થવા માંડે તે સમયે **ગાન** ગાવું તે, ગાયન **મસ્જિદ** મુસલમાનોનું બંદગી કરવાનું પવિત્ર સ્થાન, નમાજ પઢવાનું સ્થાન **નભ** આકાશ **મહીં** અંદર, વચ્ચે **સાથ** આપણી સાથે કોઈનું હોવું તે, સોબત **રક્ષણહાર** જોખમથી બચાવનાર **આધાર** જેના વિના ટકી કે નભી ન શકાય તે **વારંવાર** વારે ઘડીએ, ફરી ફરીને

સ્વાધ્યાય

૧. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક એક વાક્યમાં આપો :

(૧) પરોઢિયે પંખી કોનાં ગાન ગાય છે ?

(૨) ઈશ્વર ક્યાં ક્યાં છે ?

(૩) આપણે વારંવાર કોને નમીએ છીએ ?

૨. નીચેના દરેક શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો :

ઉદાહરણ : **નીંદર** : મને નીંદર આવી ગઈ.

(૧) પંખી : ______________________

(૨) ધરતી : ______________________

(૩) ફૂલ : ______________________

(૪) સાંજ : ______________________

૩. નીચેની કાવ્યપંક્તિ પૂર્ણ કરો :

હરતાં-ફરતાં ______________________

____

______________________ સૌનો રક્ષણહાર.

૪. નીચેના શબ્દોનું અનુલેખન કરો :

(૧) પરોઢ : ________ (૨) મસ્જિદ : ________ (૩) નીંદર : ________

(૪) દુનિયા : ________ (૫) સૂરજ : ________ (૬) વારંવાર : ________

૫. કાવ્યમાં આવતા શબ્દો કોષ્ટકમાંથી શોધી, તેની આસપાસ ⬭ કરી નીચે લખો :

પ	દુ	નિ	યા	મ	હીં	ધ
છ	રો	લ	બી	સ્જિ	મિ	ર્મ
ના	શ	ઢિ	નીં	દ	ર	માં
સૂ	ર	જ	યે	આ	ધા	ર
કા	શ	તુ	વા	રં	વા	ર

(૧) ________ (૨) ________

(૩) ________ (૪) ________

(૫) ________ (૬) ________

(૭) ________ (૮) ________

૬. નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો :

(૧) સવાર ________ (૨) સૂરજ ________ (૩) દુનિયા ________

(૪) નીંદર ________ (૫) આકાશ ________

૭. સૂચના મુજબ કરો :

(૧) **ભાવનગર** શબ્દ પરથી બીજા પાંચ શબ્દો બનાવો.

ઉદાહરણ : ભાવ, વન

______ ______

______ ______

______ ______

(૨) બનાવેલ શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

(૧) ______

(૨) ______

(૩) ______

(૪) ______

(૫) ______

(૬) ______

(૩) નમૂના પ્રમાણે શબ્દજોડી બનાવો :

હસવું - હસનાર

દોડવું, ગાવું, ખાવું, પૂછવું

______ ______

______ ______

૮. નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો :

ગાન, સાથ, આધાર, પંખી, દુનિયા

(૧) ______ (૨) ______ (૩) ______

(૪) ______ (૫) ______

પ્રવૃત્તિ

- પુસ્તકાલયમાંથી પ્રાર્થનાગીત મેળવી પ્રાર્થનાપોથી બનાવો.

૩. સાચું તીર્થ

શંકર અને ઉમિયાને બે દીકરા હતા. એકનું નામ કાર્તિકેય અને બીજાનું નામ ગણેશ. બે ભાઈમાં ગણેશ દુંદાળા હતા. નાના નાના પગ અને મોટું મોટું માથું. કાર્તિકેય તો હરણની ફાળે દોડે, પણ ગણેશનું પેટ મોટું પટારા જેવું. દોડવાનું કે કૂદવાનું આવે તો એમને ન ફાવે.

એક દિવસ ગણેશ અને કાર્તિકેય વાદે ચડ્યા.

એક કહે, ''હું જબરો.''

બીજો કહે, ''હું જબરો.''

બેઉને લડતા જોઈને ઉમિયા બોલ્યાં :

''તમે બેઉ એકસાથે નીકળીને આખી દુનિયા ફરી આવો. અડસઠ તીર્થ કરી આવો. બેમાં જે પહેલો ઘરે આવે તે જબરો.''

માને પગે લાગીને કાર્તિકેય તો ચાલી નીકળ્યા દુનિયા ફરવા. એમને ચાલતાં શી વાર? પવનની જેમ એ તો દોડે. ગણેશ બેઠા બેઠા વિચાર કરે છે, ''આ કાર્તિકેયને કેમ કરીને પહોંચી શકાશે ? આવડી મોટી ફાંદ અને આટલું ભારે માથું ન હોત તો એનેય બતાવી દેત, પણ હવે શું કરવું ?''

ગણેશ તો મૂંઝવણમાં પડી ગયા. ત્યાં એકાએક એમના મનમાં એક વિચાર આવ્યો. તેમણે માને કહ્યું, ''મા, તમે અહીં આ સિંહાસન પર બેસો.''

પછી જઈને એ પિતાજીને બોલાવી લાવ્યા અને કહ્યું, ''પિતાજી, તમે પણ અહીં માતાજી સાથે આ સિંહાસન પર બેસો.''

શંકર બોલ્યા, ''આજે આ શો ખેલ માંડ્યો છે તેં, ગણેશ ? કાર્તિકેય ક્યાં છે ?''

ઉમિયા બોલ્યાં, '' એ તો ઘણે દૂર પહોંચી ગયો હશે, બે ભાઈ શરતમાં ઊતર્યા છે : જે દુનિયા ફરી આવે, અડસઠ તીર્થ ફરી આવે, ને પહેલો ઘેર આવે, એ જબરો.''

આ સાંભળીને શંકરે ગણેશને પૂછ્યું, ''ગણેશ, તું ક્યારે ઊપડે છે ?'' ગણેશ મલક્યા અને બોલ્યા, ''પિતાજી, તમે જુઓ તો ખરા.''

પછી એમણે આસન પર બેઠેલાં માતાપિતાની પૂજા કરી અને તેમની પ્રદક્ષિણા શરૂ કરી. પોતે ફરતા જાય છે ને બોલતા જાય છે, ''માતા દેવ છે, પિતા દેવ છે.''

એકવાર, બેવાર, ત્રણવાર - એમ અડસઠવાર ગણેશજીએ માતાપિતાની આસપાસ આંટા

માર્યા, પછી તેમને પગે પડી એ બોલ્યા : ''દુનિયામાં સૌથી મોટું તીર્થ માબાપ છે. મેં એ તીર્થની અડસઠવાર પ્રદક્ષિણા કરી છે. મારી અડસઠ તીર્થની યાત્રા પૂરી થઈ.''

આ સાંભળીને શંકર કહે, ''ગણેશ તું નાનો છે પણ ઘણો ચતુર છે. બે ભાઈમાં તું જ પહેલો આવ્યો ગણાય. તારી બુદ્ધિ અજબ છે.''

ઉમિયા બોલ્યાં, ''જે માબાપને તીર્થરૂપ ગણે તેની પૂજા સૌથી પહેલી જ થાય ને !'' માતાપિતાનાં વચનો સાંભળીને ગણેશજી તો રાજી રાજી થઈ ગયા.

પછી ઘણે વખતે કાર્તિકેય આખી દુનિયા ફરીને ઘેર આવ્યા અને માતાપિતાને પગે લાગ્યા. લાંબી મુસાફરીને લીધે તેઓ થાકીને લોથપોથ થઈ ગયા હતા. તેમણે જોયું તો ગણેશ મોજથી માના ખોળામાં બેઠા હતા.

''ગણેશ, તું વહેલો આવી ગયો કે પછી નીકળ્યો જ નથી ?'' તેમણે ગણેશને પૂછ્યું. ગણેશ કહે, ''જીવતાં તીર્થ તે માબાપ.'' મેં એમની પૂજા કરી એટલે અડસઠેય તીર્થ મને ફળ્યાં. મારી તીર્થયાત્રા તો ક્યારનીય પૂરી થઈ છે.

શબ્દસમજૂતી

દુંદાળા મોટી ફાંદવાળા **ફાળ** લાંબો કૂદકો **પટારો** લાકડાની મોટી પેટી **વાદ** ચડસાચડસી, બોલીને કરેલી તકરાર **જબરો** જોરાવર, બળવાન **બેઉ** બંને **અડસઠતીર્થ** તીરથ, તીર્થ (હિન્દુઓના જાત્રા કરવાનાં, પવિત્ર અડસઠ સ્થળો) **મલક્યા** મંદ સ્મિત કર્યું **પ્રદક્ષિણા** વસ્તુ કે વ્યક્તિને જમણી બાજુ રાખીને તેની આસપાસ ફરવું તે **અજબ** નવાઈ પમાડે તેવું **લોથપોથ** તદ્દન થાકી ગયેલું **મોજ** મનને સારું લાગે તેવી સ્થિતિ **સિંહાસન** સિંહની આકૃતિવાળું આસન

સ્વાધ્યાય

૧. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં આપો :

(૧) કાર્તિકેય અને ગણેશ કોના દીકરા હતા ?

(૨) કાર્તિકેય કોના જેવી ઝડપે દોડતા હતા ?

(૩) ગણેશજીએ અડસઠ તીર્થ કોને માન્યાં ?

૨. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર ત્રણ-ચાર વાક્યોમાં આપો :

(૧) ગણેશ અને કાર્તિકેયને લડતા જોઈને ઉમિયાજી શું બોલ્યાં ?

(૨) ગણેશ અને કાર્તિકેયમાં કોની બુદ્ધિ અજબ લાગી ? કેમ ?

(૩) પ્રદક્ષિણામાં સૌથી પહેલું કોણ આવ્યું ? કેવી રીતે ?

(૪) ગણેશજીએ કાર્તિકેયના પ્રશ્નનો શો ઉત્તર આપ્યો ?

૩. નીચેનાં વિધાનો કોણ બોલે છે ? કોને કહે છે તે લખો :

(૧) ''મા, તમે અહીં આ સિંહાસન પર બેસો.'' ____________

(૨) ''ગણેશ, તું ક્યારે ઊપડે છે ?'' ____________

(૩) ''જીવતાં તીર્થ તે માબાપ.'' ____________

૪. નીચેનાં વાક્યો વાંચો અને લખો :

(૧) અડસઠ તીર્થ કરી આવો !

____

(૨) કાર્તિકેય તો ચાલી નીકળ્યા દુનિયા ફરવા !

____

(૩) ''પિતાજી, તમે જુઓ તો ખરા !''

____

(૪) ''દુનિયામાં સૌથી મોટું તીર્થ માબાપ છે.''

____

૫. નીચેનાં વિધાનોમાં સારી બાબત સામે ☑ અને નરસી બાબત સામે ☒ કરો :

(૧) ગણેશે માતા-પિતાની પૂજા કરી. ☐

(૨) ધર્મરાજ પુસ્તકનાં પાનાં ફાડે છે. ☐

(૩) શબનમ માતાને ઘરકામમાં મદદ કરે છે. ☐

(૪) પંક્તિ ચંપલ આડાં-અવળાં મૂકે છે. ☐

૬. સૂચના મુજબ કરો :

(૧) પાઠમાં આવતા નવા શબ્દોની નોંધ કરો.

ઉદાહરણ : દિવસ

(૨) જે શબ્દોની નોંધ કરી છે, તે શબ્દોના સમાનાર્થી તેમજ વિરુદ્ધાર્થી શબ્દ લખો.

સમાનાર્થી શબ્દ	**વિરુદ્ધાર્થી શબ્દ**
દિન	રાત

(૩) દરેક સમાનાર્થી તેમજ વિરુદ્ધાર્થી શબ્દ પરથી વાક્ય બનાવો.

વાક્ય : ઘડિયાળના કાંટા દિનરાત ફર્યા કરે છે.

૭. નીચેના દરેક શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :

(૧) મોટી ફાંદવાળા ____________

(૨) કોઈ પણ વસ્તુ કે વ્યક્તિની આસપાસ ફરવું તે ____________

(૩) પવિત્ર ધર્મસ્થાનની શ્રદ્ધાપૂર્વક યાત્રા કરવી તે ____________

(૪) સિંહની આકૃતિવાળું આસન ____________

પ્રવૃત્તિ

- કોઈ એક ધાર્મિક સ્થળની મુલાકાત લઈ તેમાંની વસ્તુઓ નોંધો અને તેનો ઉપયોગ લખો.

પુનરાવર્તન ૧

૧. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં લખો :

(૧) સિંહે ઉંદરનો આભાર કેમ માન્યો ?

(૨) પરોઢિયે પંખી કોનાં ગાન ગાય છે ?

(૩) ઈશ્વર ક્યાં ક્યાં છે ?

૨. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર ત્રણ-ચાર વાક્યોમાં લખો :

(૧) ગણેશ અને કાર્તિકેયને લડતા જોઈને ઉમિયાજી શું બોલ્યાં ?

(૨) ગણેશ અને કાર્તિકેયમાં કોની બુદ્ધિ અજબ લાગી ? કેમ ?

૩. નીચેના શબ્દોનું અનુલેખન કરો :

(૧) ઉગામ્યો : ________

(૨) ધર્મરાજ : ________

(૩) મેઘાડંબર : ________

(૪) પશ્ચિમ : ________

(૫) બુદ્ધિ : ________

(૬) વિદ્યાર્થીઓ : ________

(૭) સ્ટેશન : ________

(૮) બોલ્યો : ________

૪. સૂચના મુજબ કરો :

(૧) **કરમસદ** શબ્દ પરથી બનતા શબ્દો લખો.

(૨) જે શબ્દો બનાવ્યા તે દરેક શબ્દનું એક-એક વાક્ય બનાવો.

(૩) હવે બનેલ એક શબ્દ અને અન્ય એક શબ્દ લઈ વાક્ય બનાવો.

૫. નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો :

(૧) ઈશ્વર ________

(૨) ફૂલ ________

(૩) પંખી ________

(૪) મદદ ________

૬. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો :

(૧) રક્ષણ × ________ (૨) ધ્યાન × ________

(૩) દૂર × ________ (૪) પહેલું × ________

૭. કૌંસમાં આપેલા પ્રત્યયોમાંથી યોગ્ય પ્રત્યય લઈ ખાલી જગ્યા પૂરો :

(નો, ને, ની, નું)

(૧) ગણેશે માતાપિતા ________ પૂજા કરી.

(૨) શંકરે ગણેશ ________ પૂછ્યું.

(૩) સિંહ જંગલ ________ રાજા છે.

(૪) ગણેશના ભાઈ ________ નામ કાર્તિકેય છે.

૮. (૧) નીચેના લંબચોરસમાં ચાર પ્રાણીઓનાં નામ છે, તે શોધીને તેની ફરતે ⬭ કરો અને નામ લખો :

મો	ગ	રો	સો	બ	સ	જ
ક	ર	હા	થી	દા	સ	વાં
ઘે	લી	મ	ડો	મ	લું	દ
ડું	ક	રે	ણ	વ	ડ	રો

(૧) ________ (૨) ________ (૩) ________ (૪) ________

(૨) નીચેના લંબચોરસમાં ચાર વસ્તુઓનાં નામ છે, તે શોધીને તેની ફરતે ⬭ કરો અને નામ લખો :

કા	બ	ર	બ	ર	ણી	ના
ત	ર	ત	ર	જો	બ	મો
ર	ખ	પે	ક	ખુ	ર	શી
પ	દે	લી	ત	દ	ફે	દ

(૧) ________ (૨) ________ (૩) ________ (૪) ________

૯. ચિત્ર જોઈ વર્ણન લખો :

૧૦. કોઈ એક ચિત્રવાર્તાનાં ચિત્રો અહીં ચોંટાડો.

૪. ચાંદલો ગમે

જયંત શુક્લ



મને આભલે ચમકતો ચાંદલો ગમે,

એની આસપાસ, નાના-મોટા તારા રમે. ... મને૦

મને શિયાળે સૂરજનો તડકો ગમે,
એની આસપાસ, મારો પડછાયો રમે... મને૦

મને ઉનાળે સંધ્યાની સોબત ગમે,
એની આસપાસ, લાલપીળા રંગો ગમે... મને૦

મને ચોમાસે વીજના ચમકારા ગમે,
એની આસપાસ, ઘનઘોર વાદળ રમે... મને૦

મને ધરતીના ખોળે ઊગ્યા છોડવા ગમે,
એની આસપાસ, પાંદડાં ને ફૂલો રમે... મને૦

મને માનવ-મહેરામણના મેળા ગમે,
એની આસપાસ, નાનાં-મોટાં છોરાં રમે... મને૦

શબ્દસમજૂતી

આભલે આકાશમાં **સંધ્યા** સૂર્યાસ્ત પછીનો સાંજનો ઉજાસ **સોબત** એકબીજાની સાથે રહેવું, દોસ્તી **ઘનઘોર** (અહીં) વાદળોથી ઘેરાયેલું, તે બીક લાગે તેવું કાળું **ખોળે** (અહીં) ખોળામાં, ધરતી ઉપર **માનવ-મહેરામણ** મહાસાગર (અહીં) માણસોનો વિશાળ સમૂહ **છોરાં** છોકરાં, બાળકો

સ્વાધ્યાય

૧. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં આપો :

(૧) નાના-મોટા તારા કોની આસપાસ રમે છે ?

(૨) સૂરજનો તડકો કઈ ઋતુમાં ગમે છે ?

(૩) ઉનાળે કોની સોબત ખૂબ ગમે છે ?

૨. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર ત્રણેક વાક્યોમાં આપો :

(૧) વીજળીના ચમકારા કેમ ગમે છે ? ક્યારે ?

(૨) છોડવા ક્યાં જોવા મળે છે ? એની આસપાસ શું રમે છે ?

૩. નીચેની ઋતુઓ વિશે ત્રણ-ત્રણ વાક્યો લખો :

(૧) ચોમાસું : ______________________

____

(૨) શિયાળો : ______________________

____

____

(૩) ઉનાળો : ______________________

____

____

૪. નીચેની પરિસ્થિતિમાં તમે શું કરશો ?

(૧) ખૂબ ઠંડી લાગે ત્યારે...

(૨) તમે મેળામાં જાઓ ત્યારે...

(૩) ખૂબ તડકો પડતો હોય ત્યારે ...

૫. સૂચના મુજબ કરો :

(૧) નીચેની ખાલી જગ્યામાં કૌંસમાંથી અક્ષર મૂકી નવા શબ્દો બનાવો :

(ભ, ન, જ, ર, ગ, ત)

______ મે, ______ મે, ______ મે, ______ મે, ______ મે, ______ મે

(૨) બનેલા શબ્દો પરથી એક-એક વાક્ય બનાવો.

(૩) ખૂટતા અક્ષર મૂકી બનેલા શબ્દવાળી પંક્તિ કાવ્યમાંથી શોધીને લખો.

૬. નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો :

(૧) ધરતી ________ (૨) તડકો ________ (૩) પાંદડું ________

(૪) સોબત ________ (૫) માનવ ________

૭. તમને ગમતું ગીત લખો.

- નીચેના ચિત્રમાં રંગ પૂરો :



❖

૫. ઠાગાઠૈયા કરું છું

ગિજુભાઈ બધેકા

એક હતો કાગડો અને એક હતી કાબર. બંને જણાંને દોસ્તી થઈ. કાબર ભલી અને ભોળી હતી પણ કાગડો બહુ પાક્કો હતો. કાબરે કાગડાને કહ્યું, ''કાગડાભાઈ, કાગડાભાઈ ચાલોને આપણે ખેતર ખેડીએ ? દાણા સારા થાય તો આખું વરસ ચણવા જવું ન પડે અને નિરાંતે ખાઈએ.'' કાગડો કહે, ''બહુ સારુ, ચાલો.''

પછી કાબર અને કાગડો પોતાની ચાંચોથી ખેતર ખેડવા લાગ્યાં.

થોડી વાર થઈ ત્યાં કાગડાની ચાંચ ભાંગી એટલે કાગડો લુહારને ત્યાં ઘડાવવા ગયો. જતાં જતાં કાબરને કહેતો ગયો, ''કાબરબાઈ ! તમે ખેતર ખેડતા જાઓ. હું હમણાં ચાંચ ઘડાવીને આવું છું.''

કાબર કહે, ''ઠીક.''

પછી કાબરે તો આખું ખેતર ખેડી નાખ્યું પણ કાગડાભાઈ આવ્યા નહિ.

કાગડાભાઈની દાનત ખોરી હતી એટલે ચાંચ તો ઘડાવી પણ કામ કરવાની આળસે ઝાડ ઉપર

બેઠા બેઠા લુહારની સાથે ગપ્પાં મારવા લાગ્યા.

કાબર તો કાગડાની રાહ જોઈ થાકી ગઈ, એટલે કાગડાને બોલાવવા ગઈ. જઈને કાગડાને કહે, ''કાગડાભાઈ કાગડાભાઈ ! ચાલો ને ? ખેતર તો ખેડાઈ ગયું. હવે આપણે વાવીએ.'' કાગડો કહે,

''ઠાગાઠૈયા કરું છું,
ચાંચુડી ઘડાવું છું.
જાવ, કાબરબાઈ ! આવું છું.''

કાબર પાછી ગઈ અને એણે તો વાવવાનું કામ શરૂ કર્યું. કાબરે રૂપાળો બાજરો વાવ્યો. થોડા દિવસોમાં એ એવો તો સુંદર ઊગી નીકળ્યો કે બસ ! એટલામાં નીંદવાનો વખત થયો એટલે વળી કાબરબેન કાગડાને બોલાવવા ગઈ. જઈને કાગડાને કહે, ''કાગડાભાઈ, કાગડાભાઈ! ચાલો, ચાલો, બાજરો બહુ સારો ઊગ્યો છે. હવે જલદી નીંદવું જોઈએ, નહિતર માલને નુકસાન થશે.''

આળસુ કાગડાએ ઝાડ ઉપરથી કહ્યું,

''ઠાગાઠૈયા કરું છું,
ચાંચુડી ઘડાવું છું.
જાવ, કાબરબેન ! આવું છું.''

કાબર તો પાછી ગઈ અને એકલીએ ખેતર આખું નીંદી નાંખ્યું. વખત જતાં કાપણીનો સમય આવ્યો એટલે કાબર વળી કાગડાભાઈને બોલાવવા ગઈ. જઈને કાગડાને કહે, ''કાગડાભાઈ ! હવે તો ચાલો ? કાપણીનો વખત થયો છે. મોડું કાપશું તો નુકસાન થશે.''

લુચ્ચા કાગડાએ કહ્યું,

''ઠાગાઠૈયા કરું છું,
ચાંચુડી ઘડાવું છું.
જાવ, કાબરબેન ! આવું છું.''

કાબરબેન તો નિરાશ થઈ પાછી ગઈ અને ખિજાઈને એકલીએ આખા ખેતરની કાપણી કરી નાખી.

પછી તો કાબરે બાજરાનાં ડૂંડાંમાંથી બાજરો કાઢ્યો. એક કોર બાજરાનો એક ઢગલો કર્યો અને બીજી કોર ઢૂંસાનો મોટો ઢગલો કર્યો અને ઉપર થોડોએક બાજરો નાખ્યો.

પછી તે કાગડાને બોલાવવા ગઈ. જઈને કહે, ''કાગડાભાઈ ! હવે તો ચાલશોને બાજરાના ઢગલા તૈયાર કર્યા છે, તમને ગમે તે ભાગ તમે રાખજો.''



વગર મહેનતે બાજરાનો ભાગ મળશે એ જાણી કાગડાભાઈ ફુલાઈ ગયા.

તેણે કાબરને કહ્યું, ''ચાલો બેન! તૈયાર જ છું. હવે ચાંચ બરાબર થઈ ગઈ છે.''

કાબર મનમાં બોલી, ''ખોટી દાનતનાં ફળ હવે બરાબર ચાખશો, કાગડાભાઈ !''

પછી કાગડો અને કાબર ખેતરે આવ્યાં. કાબર કહે, ''ભાઈ ! તમને ગમે તે ઢગલો તમારો.''

પછી કાગડાભાઈ તો મોટો ઢગલો લેવાને માટે ઢૂંસાવાળા ઢગલા ઉપર જઈને બેઠા. પણ જ્યાં બેસવા જાય ત્યાં ભાઈસા'બના પગ ઢૂંસામાં ખૂંપી ગયા અને આંખમાં, કાનમાં ને મોઢામાં બધે ઢૂંસાં ભરાઈ ગયાં અને કાગડાભાઈ મુશ્કેલીમાં મુકાયા !

પછી કાબરબેન બાજરો પોતાના ઘેર લઈ ગઈ અને ખાધુંપીધું ને મોજ કરી.

શબ્દસમજૂતી

દોસ્તી ભાઈબંધી, મિત્રાચારી **પાક્કો** (અહીં) ચાલાક **ઘડવું** ટીપીને સરખું કરવું (અહીં) ઘડાવવા **ખોરી દાનત** ખોટી દાનત **ગપ્પાં મારવાં** આડી-અવળી નવરાશની વાત કરવી **નીંદવું** ખેતરમાંથી નકામું ઘાસ ઉખેડી કાઢવું **મોલ** પાક **કાપણી** કાપવું તે, લણણી **કોર** બાજુ **ડૂંડાં** કણનાં ડોડાં, કણસલાં **ઠૂંસાં** કણસલામાંથી બાજરીના દાણા કાઢી લીધા પછી રહેતાં ફોતરાં

સ્વાધ્યાય

૧. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં આપો :

(૧) કાગડો અને કાબર સ્વભાવે કેવાં હતાં ?

(૨) કાગડો અને કાબર શાના વડે ખેતર ખેડવા લાગ્યાં ?

(૩) કાબરે ખેતરમાં શું વાવ્યું ?

(૪) ખેતર કોણે નીંદી નાખ્યું ?

(૫) ખેતરમાં સૌથી વધુ મહેનત કોણે કરી ?

૨. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર બે-ત્રણ વાક્યોમાં આપો :

(૧) કાગડો લુહાર સાથે શા માટે ગપ્પાં મારવા લાગ્યો ?

(૨) નીંદવાનો વખત થતાં કાબરે કાગડાને શું કહ્યું ?

(૩) લુચ્ચો કાગડો કાબરને શો જવાબ આપે છે ?

(૪) કાગડો કયા ઢગલા પર જઈને બેઠો ? તેને શું થયું ?

૩. નીચેના મૂળાક્ષરોની મદદથી અર્થપૂર્ણ શબ્દો બનાવો :

ઉદાહરણ : **ક, બ, ત, ર - કબૂતર**

(૧) ક, ગ, ડ ____________

(૨) ખ, ડ, ત ____________

(૩) બ, જ, ર ____________

(૪) ઢ, ગ, લ ____________

(૫) ખ, ત, ર ____________

૪. નીચેનાં વાક્યો કોણ બોલે છે તે લખો :

(૧) ''બહુ સારું, ચાલો.'' ______

(૨) ''ચાલો, બાજરો બહુ સારો ઊગ્યો છે.'' ______

(૩) ''ખોટી દાનતનાં ફળ હવે બરાબર ચાખશો.'' ______

૫. 'ની', 'નો', 'નાં', 'નું' મૂકી નીચેની ખાલી જગ્યાઓ પૂરો :

(૧) કાગડા ______ ચાંચ તૂટી ગઈ.

(૨) કાપણી ______ વખત થયો છે.

(૩) કાબર અને કાગડા ______ કામ બાજરો કાપવાનું હતું.

૬. સૂચના મુજબ કરો :

(૧) તમારા ગામના કારીગરોની યાદી બનાવો.

(૨) આ કારીગરોના ઓજારોની યાદી બનાવો.

(૩) કારીગર અને ઓજારના નામ લઈ વાક્ય બનાવો.

(૪) સાચી જોડ બનાવવા કોને કોને મળવું પડ્યું તેની ચર્ચા કરો.

૭. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો :

(૧) સુંદર × ______ (૨) મોટું × ______

(૩) મુશ્કેલ × ______ (૪) નિરાશ × ______

૮. નીચેના દરેક શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :

(૧) કણસમાંથી બાજરીના દાણા કાઢી લીધા પછી રહેતાં ફોતરાં ______

(૨) ખેતરમાંથી નકામું ઘાસ ઉખેડી નાખવું ______

૯. તમારી આજુબાજુ કે ઘરઆંગણામાં જોવા મળતાં પક્ષીઓની યાદી બનાવો.

૧૦. ખેતરની મુલાકાત લઈ નીચે મુજબ નોંધ કરો :

(૧) તમે જેની મુલાકાત લીધી તે ખેતર કોનું છે ?

(૨) તમારી મુલાકાત વખતે ખેતરમાં કયો પાક હતો ?

(૩) એ પાકમાંથી શું-શું બને છે, તે નોંધો.

૧૧. ચિત્ર જોઈ વર્ણન કરો :



પ્રવૃત્તિ

- પુસ્તકાલયમાંથી ગિજુભાઈની બાળવાર્તાઓ મેળવો અને વાંચો.

૬. જોડકણાં

(૧) ચૂં ચૂં કરતા ઉંદર મામા,
આંટાફેરા ખાય,
ગામ આખાનાં કપડાં કાતરી
દરમાં પેસી જાય.



(૨) કાકા મારા શાણા ઘણા,
લાવે રોજ ધાણી-ચણા,
જ્યારે જ્યારે મામા આવે,
ઢગલો મીઠાઈ સાથે લાવે.

(૩) ડણક સિંહની સાંભળી,
જંગલ થથરી જાય,
રાજાજીની સામે થવાની
કોની હિંમત થાય ?



(૪) પા-પા પગલી,
ધૂળની ઢગલી,
ઢગલી ઉપર તગારું,
બકરીનું બચ્ચું લવારું.

શબ્દસમજૂતી

ડણક સિંહની ગર્જના, ગર્જવું **આસપાસ** આજુબાજુ **પગલી** નાનાં નાનાં પગલાં, પગલાંની હાર **લવારું** બકરીનું બચ્ચું

સ્વાધ્યાય

૧. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં આપો :

(૧) ઉંદરમામા ક્યાં રહે છે ?

(૨) કાકા શું લાવે છે ?

(૩) મામા શું લાવે છે ?

(૪) સિંહની ડણકથી કોણ થથરી જાય છે ?

(૫) બકરીનાં બચ્ચાંને શું કહેવાય ?

૨. નીચેનાં વાક્યોમાં જે શબ્દ નીચે લીટી કરી છે, તેની જગ્યાએ તેના જેવા અર્થવાળો શબ્દ મૂકી વાક્ય ફરીથી લખો :

ઉદાહરણ: સિંહની **ડણક**થી પશુઓ ગભરાય છે. સિંહની ગર્જનાથી પશુઓ ગભરાય છે.

(૧) ચાલે નહિ કોઈ આસપાસ. ____________

(૨) ઊંચે ઊંચે આકાશમાં. ____________

૩. તમને ગમતાં કોઈ પણ બે જોડકણાં લખો :

૪. ઉદાહરણ મુજબ તમારા મિત્રોની સારી ટેવો વિશે લખો.

ઉદાહરણ : મહેશ સમયસર શાળાએ આવી જાય છે.

૫. કૌંસમાં આપેલા અક્ષરોમાંથી ખૂટતો અક્ષર પસંદ કરી, ખાલી જગ્યામાં મૂકીને, શબ્દ બનાવો :

(૧) ક ____ ડાં (પ, ય, ષ)

(૨) મી ____ ઈ (ઠા, ઢા, ડા)

(૩) હિં ____ ત (મ, પ, ય)

(૪) ____ ગલો (ટ, ઢ, ઠ)

૬. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યાઓ પૂરો :

(૧) ચૂં ચૂં કરતા ______ મામા. (ઉદર, ઉંદર)

(૨) કપડાં ______ દરમાં પેસી જાય. (કાતળી, કાતરી)

(૩) લાવે રોજ ______ ચણા. (ઘાણી, ધાણી)

(૪) બકરીનું બચ્ચું ______ (લવારું, બોકડું)

૭. નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો :

(૧) જંગલ ______ (૨) ધૂળ ______

(૩) હિંમત ______ (૪) રોજ ______

૮. નીચેના શબ્દોના જાતિભેદ દર્શાવો :

ઉદાહરણ : ઉંદર - ઉંદરડી

(૧) કાકા ______ (૩) સિંહ ______

(૨) મામા ______ (૪) રાજા ______

૯. મોટેથી વાંચો અને જોઈને લખો :

ડણક સિંહની સાંભળી,
જંગલ થથરી જાય,
રાજાજીની સામે થવાની,
કોની હિંમત થાય ?

૧૦. નીચેના ઉદાહરણ મુજબ બે શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો :

ઉદાહરણ : ઉંદર - ચૂં ચૂં ઉંદર ચૂં ચૂં કરે છે.

(૧) કાકા-ધાણી (૨) મામા-મીઠાઈ (૩) જંગલ-ઝાડ (૪) બકરી-લવારું

પ્રવૃત્તિ

- વર્તમાનપત્રો કે સામયિકોમાંથી જોડકણાં મેળવી જોડકણાં સંગ્રહ બનાવો.

❖

પુનરાવર્તન ૨

૧. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં લખો :

(૧) કાગડો અને કાબર શાના વડે ખેતર ખેડવા લાગ્યાં ?

(૨) ખેતરમાં સૌથી વધુ મહેનત કોણે કરી ?

(૩) સિંહની ડણકથી કોણ થથરી જાય છે ?

૨. નીચેનાં વિધાનો કોણ બોલે છે અને કોને કહે છે તે લખો :

(૧) ''બહુ સારુ, ચાલો.'' ______

(૨) ''ચાલો બહેન, તૈયાર જ છું.'' ______

(૩) ''ભાઈ ! તમને ગમે તે ઢગલો તમારો.'' ______

૩. નીચેના શબ્દોના સમાન અર્થવાળા શબ્દો કોષ્ટકમાંથી શોધો અને તેની ફરતે ⬭ કરી, તે શબ્દો લખો :

(ઊંઘ, બરાડા, સાથ, નભ, દોસ્તી, મોલ)

હ	ર	દ	મ	ગ	સા	સો	સૌ
ભા	ર	ત	દ	મા	ગ	બ	પા
ઈ	દ	બૂ	નિ	દ્રા	ર	ત	ક
બં	ગ	મ	ગ	ક્ષ	તા	જ	ગી
ધી	ર	જ	મ	ણ	આ	કા	શ

(૧) ______ (૨) ______ (૩) ______

(૪) ______ (૫) ______ (૬) ______

(૨) નીચેના શબ્દોના વિરોધી અર્થવાળા શબ્દો કોષ્ટકમાંથી શોધો અને તેની ફરતે ⬭ કરી, તે શબ્દો લખો :

(નાનું, દેવ, સવાર, આધાર, રૂપાળું, નુકસાન)

જ	ન	ક	દ	રૂ	પું	જા	રી
સ	દા	દા	ર	ડું	ગ	ર	નિ
તુ	ફા	ન	મો	ટા	ઈ	દ	રા
અ	ય	વ	ટું	ય	ય	મ	ધા
સા	દો	સાં	જ	ર	ળ	ન	ર

(૧) ______ (૪) ______

(૨) ______ (૫) ______

(૩) ______ (૬) ______

૪. નીચેના દરેક શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :

(૧) વસ્તુ કે વ્યક્તિને જમણી બાજુ રાખીને તેની આસપાસ ફરવું તે ______

(૨) સિંહની આકૃતિવાળું ______

(૩) સૂર્યાસ્ત પછીનો સાંજનો ઉજાસ ______

(૪) ખેતરમાંથી નકામું ઘાસ ઉખેડી નાખવું ______

(૫) કણસલામાંથી બાજરીના દાણા કાઢી લીધા પછી રહેતાં ફોતરાં ______

૫. નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો :

(૧) સાથ ______ (૨) પાક ______ (૩) દોસ્તી ______

૬. તમને ગમતાં કોઈ પણ જોડકણાંની ચાર પંક્તિ લખો.

______

______

______

______

૭. સૂચના મુજબ કરો :

(૧) ક, મ, ન મૂળાક્ષર પરથી શરૂ થતાં શબ્દો બનાવો.

(૨) આ શબ્દોમાં જોડાક્ષરવાળા અને જોડાક્ષર વગરના શબ્દો અલગ તારવો.

(૩) ઉપરોક્ત શબ્દો સિવાયના અન્ય પાંચ જોડાક્ષરવાળા શબ્દો લખો.

(૪) તમારા મિત્રએ લખેલા જોડાક્ષરવાળા શબ્દ જુઓ અને ચર્ચા કરો.

❖